₹ 20.00

# Welcare TODAY

LIVE RIGHT, LIVE HEALTHY

A Patient Education Initiative by 'Arthritis Foundation'



## Spending Time with Patients

A busy surgeon spending relaxed time with his patients after their surgery is not a common event.... story P 4

Issue No. 10 | Volume No. 2 | Published on 1 October 2017

## Contents


You were the 'Star of the Show'........................ 2
વેન્ટિલેટર એટલે મૃત્યુ નહી, જીવની સાચવણી .................. ૨
મોંઘી નહી પણ વ્યાજબી કહો................................. ૩
ડૉ મોદી કે સાથ ચાય પે ચર્ચા.................................. ૪
કાછીયા પટેલ સમાજ દ્વારા યોજાયેલ નિઃશુલ્ક તપાસ ............ ૫
Dr Bharat Mody speaks at Motivational Seminar .... 5
દમની બીમારી અસ્થમા : ખોટી માન્યતાઓ અને હકીકત ....... ૬
Skin flap surgery after TKR .................................. 7
Doctors Joining .................................................. 7
વેલકેર હોસ્પિટલ દ્વારા સ્વાસ્થ્ય અધિકાર દિવસ ................ ૮
વેલકેર માં દર બુધવારે ફિઝિશિયન દ્વારા નિઃશુલ્ક તપાસ......... ૮
વેલકેર હોસ્પિટલમાં સારવરના અંદાજીત ખર્ચની માહિતી........ ૮




Wercare Today Oct 2017.indd 1 26-Sep-17 4:50:15 PM

# You were the 'Star of the Show' said senior delegates!

**Invited as a speaker on 'Hospital Indoor Air Quality Management', Dr Mody won accolades**




*Dr Mody was invited as a speaker at a National Engineers' conference. His talk was much appreciated by delegates.*

# વેન્ટિલેટર એટલે મૃત્યુ નહી, જીવની સાચવણી

**જે દર્દી પુરતા પ્રમાણમાં શ્વાસ લઈ શકતા નથી તેમના માટે વેન્ટિલેટર એક મોટું વરદાન છે**



કોઈને વેન્ટિલેટર પર મુક્યા એટલે બધા એવું જ માને છે કે હવે જીવનના જુજ કલાક બાકી છે. પણ હકિકતમાં એવુ હોતું નથી.

વેન્ટિલેટર એવું સાધન છે કે જે લાઈફ સપોર્ટ સિસ્ટમનું એક ઘટક છે. જીવતા રહેવા માટે અનેક જરૂરી ક્રિયા સતત ચાલું રહેવી જરૂરી હોય છે. દા.ત. શ્વાસોછ્વાસ, હૃદય ધબકતું રહેવું જોઈએ, અન્ન તેમજ પાણી સમયસર મળવું જોઈએ અને શૌચ તેમજ પેશાબનો નિકાલ થવો જોઈએ. દેખીતું છે કે આ બધી જીવનાવશ્યક ક્રિયાઓમાં શ્વાસોછ્વાસ અને હૃદયના ધબકારા ચાલું રહેવા એ સૌથી આવશ્યક ક્રિયા છે અને જો આ બંને થોડીક વાર માટે પણ બંધ થઈ જાય તો મરણ થાય અથવા મગજ-હૃદય-કિડની જેવા અગત્યના અવયવોમાં કાયમી નુકસાન થાય.

જ્યારે દર્દી પોતે શ્વાસોછ્વાસની ક્રિયા ના કરી શકે ત્યારે વેન્ટિલેટરની મદદથી તેનું શ્વસનતંત્ર કાર્યરત રાખવામાં આવે છે.

જેમ જેમ દર્દીની હાલત સુધરતી જાય છે તેમ તેમ વેન્ટિલેટરનું સહાય ઓછું કરવામાં આવે છે અને છેવટે દર્દીની શ્વાસનળીમાંથી વેન્ટિલેટર સપોર્ટ નિકાળવામાં આવે છે.

શલ્યક્રિયા પછી દર્દીઓની હાલત ગમે ત્યારે અચાનક ગંભીર થઈ શકે છે. તે વખતે વેન્ટિલેટર સપોર્ટ પર રાખીને દર્દીનું શ્વસનતંત્ર વ્યવસ્થિત ચાલે ત્યા સુધી તેને સાચવવામાં આવે છે. વેન્ટિલેટર દર્દીઓમાટે એક વરદાન છે.

**A recent supreme court judgement states that major and minor surgeries can be performed only in hospitals with ICUs... It is a clear guideline to all people to choose hospitals with ICUs.**



૭ દિવસ વેન્ટિલેટર પર રાખ્યા પછી આ બેન હવે પોતે શ્વાસ લઈ શકે છે.



Wercare Today Oct 2017.indd 2 26-Sep-17 4:50:24 PM

Welcare TODAY

**Editorial Board**

**Editor**
Dr Harshida Mody

**Editorial Team**
Dr Meena Sheth
Shri Ajitbhai Kapadia
Dr Bibhas Shah

**Contact Us**

Do you have any query about any medical illness? Are you in two minds about getting a medical treatment? Please email to us. Welcare Hospital's Medical Specialists will help solve your dilemma.

તબીબી સલાહ માટે
અમારો સંપર્ક જરૂર કરો

શું કોઈ બીમારી માટે કઈ સારવાર લેવી તેની મુંઝવણમાં છો ? વેલકેરના નિષ્ણાત તબીબોની નિ:શુલ્ક સચોટ સલાહ માટે ઈમેલ કરશો.

communication@welcarehospital.co.in

**Welcare Hospital**
*Gujarat's Hospital for Special Surgeries*
Atladara-Vadsar Ring Road,
Atladara, Vadodara-390012
[Gujarat]
- 0265 2337172
www.welcarehospital.co.in

**Appointments**

Doctors' appointments at Welcare Hospital
[9:00 AM to 6:00 PM]

વેલકેર હૉસ્પિટલના ડૉક્ટરની એપોઇન્ટમેન્ટ માટે ફોન કરો. સમય સવારે ૯:૦૦ થી સાંજે ૬:૦૦ સુધી

**9327435570**
**9328921614**

# મોંઘી નહી પણ વ્યાજબી કહો...

ઉપરથી બધું સરખુજ લાગે પણ અંદરથી ચકાસણી કર્યા પછી ખબર પડે કે મોંઘુ શું અને વ્યાજબી શું...

ગુજરાતની એક અત્યાધુનિક હોસ્પિટલ તરીકે ઓળખ મેળવનાર વડોદરા શહેરની વેલકેર હોસ્પિટલની નામના દેશવિદેશમાં વ્યાપેલી છે.

એના અનેક કારણો છે, જેમ કે વેલકેરમાં દર્દીઓને અપાતી ઉત્કૃષ્ટ સેવા, તેની રચના, ગ્રીન બિલ્ડિંગ, અદ્યતન ઓપરેશન થિએટર અને આઈ.સી.યુ. તેમજ તેના આજુબાજુનો વિશાળ પરિસર અને સૌથી અગત્યની વાત એટલે વેલકેરમાં યોજાતા નિ:શુલ્ક તપાસ કેમ્પ.

## ઘર જેવો અહેસાસ

વેલકેરના સ્ટાફને પહેલી ટ્રેનિંગ હોય છે દર્દીઓની સાચવણી, નર્સિસ, ડૉક્ટર, ટેકનિશિયન થી લઈને છેક સિક્યોરીટી અને હાઉસ કિપિંગ સ્ટાફ દર્દીઓને કોઈ તકલીફ ન થાય તે માટે કાર્યરત હોય છે. 'અહીનો સ્ટાફ ઘરના લોકોની રાખે તેવીજ સારસંભાળ રાખે છે એવું અનેક દર્દીઓ કહીને ગયા છે.'

## રચના

વેલકેરનું હોસ્પિટલ સ્થાપત્ય વડોદરા શહેરના મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. અનેક ક્ષેત્રના મહાનુભાવો, પ્રતિષ્ઠિત વ્યક્તિઓ, ધર્મ ગુરુશ્રીઓ, અલગ અલગ શહેરના સન્માનીત નાગરિકો વેલકેર હોસ્પીટલની મુલાકાતે આવે છે.

પણ ઉલ્લેખનીય વાત એ છે કે આલમા બેર્ડ જેવા જાણીતા અને અનુભવી હોસ્પિટલ ડિઝાઈનર છેક અમેરિકાના ન્યુયોર્ક શહેરમાંથી વેલકેર હોસ્પિટલ જો આવ્યા હતા.

## સારવારની કિંમત

ઉપરોક્ત વાતો જાણીને અને બહારથી વેલકેર હોસ્પિટલ જોઈને કોઈને પણ એવું લાગશે કે આટલી અત્યાધુનિક સગવડોથી સુસજ્જ હોસ્પીટલમાં સારવાર તો મોંઘી સાબિત થઈ શકે ! પણ "Don't judge a book by its cover" એ અંગ્રેજી કહેવતનો ઉલ્લેખ કરવો પડશે. કારણ હકિકત એ છે કે વેલકેર હોસ્પિટલમાં સારવાર મોંઘી નથી.

મધ્યમ વર્ગના દર્દીઓને પોષાય તે રીતે ભાવતાલ નક્કી કરવામાં આવ્યો એટલે ધનિકો તેમજ મધ્યમ વર્ગના લોકો સારવાર કરાવી શકે છે. અત્યાધુનિક સાધનોથી ગંભીરમાં ગંભીર દર્દીઓની સારવાર સફળ થાય છે. કુશળ ડૉક્ટરો દ્વારા અક્સીર ઈલાજ થાય છે. મોટા ઓપરેશન અસફળ થાય તો ફરીથી કરવા પડે અને તે વખતે ખર્ચ પણ વધારે થાય અને જીવને પણ જોખમ રહે. તે ટાળવા આઈ.સી.યુ. ધરાવતી હોસ્પિટલોમાં જ સારવાર લેવી જોઈએ અને તે સેવાઓ ઉત્કૃષ્ટ હોવી જ જોઈએ.

## સામાજીક જવાબદારી

છેલ્લા ૧૪ મહિનાથી 'સ્વાસ્થ્ય અધિકાર દિવસ' માં હાડકાના રોગો, જનરલ મેડીસીન અને જનરલ સર્જરીના દર્દીઓમાટે નિ:શુલ્ક તપાસ તેમજ સલાહ આપવામાં આવે છે.






Wercare Today Oct 2017.indd 3    26-Sep-17 4:50:30 PM

# ડૉ મોદી કે સાથ ચાય પે ચર્ચા...

## દર્દીઓ સાથે સમય વિતાવનાર જુજ ડૉક્ટરોમાથી એક છે ડૉ ભરતભાઈ



વેલકેર હોસ્પીટલમાં સારવાર બાદ ઘરે જતા દર્દી મિત્રો માટે ડૉ ભરત મોદી અવારનવાર કાઉન્સેલિંગ સેશન રાખે છે !

મોટા શહેરોની મોટી હોસ્પિટલોમાં નિષ્ણાત ડોકટરો પાસે દર્દીઓના સવાલના સંતોષકારક જવાબ આપવા સમય હોતો નથી. શહેરના નિષ્ણાત તબીબો અનેક હોસ્પિટલો સાથે સંકળાયેલા હોય છે. દરેક હોસ્પિલમાં પોહચી વળવાની લાલસામાં દર્દીઓ ઉપર ધ્યાન આપી શકતા નથી.

### દર્દીને સમય આપવા ની...

...બાબતમાં વેલકેર હોસ્પિટલના સ્થાપક અને વિખ્યાત હાડકાના સર્જન ડૉ ભરત મોદી આ વાતમાં અપવાદરૂપ છે.

ડૉ મોદી એવું માને છે કે દર્દીને સારુ થવા દવા સાથે ડૉક્ટરનું માર્ગદર્શન અને હુંફની ખૂબજ જરૂર હોય છે. એટલે ઉચીત શનિવારે સાંજે હોસ્પિટલનું કામ પત્યા પછી ડૉ ભરતભાઈ દર્દીઓસાથે ચા પીતા પીતા તેમના બીમારીને તેમજ ઓપરેશનને લગતા પ્રશ્નોના જવાબ આપે છે. ઉચીત શનિવારની આ 'ચાય પે ચર્ચા' કાર્યક્રમમાં દર્દીઓ અચૂક હાજર રહે છે અને ડૉ મોદીએ આપેલી સલાહ ચોક્કસથી માને છે. ગયા મહિને આવી ૧૦૦મી મિટિંગ યોજાઈ હતી.

### ડૉ મોદીને બીજા શહેરોમાં...

...વેલકેર હોસ્પિટલની ચેઈન શરુ કરવા માટે અવાર નવાર ઓફરો આવતી હોય છે. પરંતુ તેઓ વેલકેર હોસ્પિટલ પ્રત્યે ૧૦૦% ધ્યાન આપવા માંગે છે.

> ડૉ મોદી નું માનવું છે કે અલગ અલગ ઠેકાણે વાંસના ઠુઠા ઉભા કરવા કરતા એક જગ્યાએ વડલાનું વિશાળ વૃક્ષ ઉભું કરવું સારું,

તેઓ વધુમાં જણાવે છે કે અલગ અલગ શહેરોમાં હોસ્પિટલો ઉભી કરી હોય તો તે પોતે તેમના દર્દીઓને પુરતું ધ્યાન આપી શકશે નહી.

### ૫૦,૦૦૦ થી વધું...

...સફળ સર્જરી કરી ચુકેલા ડૉ મોદી સર્જરી સાથે વેલકેર હોસ્પિટલ પણ મેનેજ કરે છે. આવી વ્યસ્તતા ભરી કાર્ય શૈલીમાં તેમને સમયની અછત પડે છે પણ છતા ટાઈમ મેનેજમેન્ટ કરી તેઓ દર્દીના પ્રશ્નોના જવાબ આપતા થાકતા નથી. તેઓ દરરોજ હોસ્પિટલ રાઉંડ લેતી વખતે દરેક દર્દીનું વ્યક્તિગત રીતે ધ્યાન રાખે છે.

વેલકેર હોસ્પીટલમાં બીજા સ્ટાફની કમી નથી - તબીબો, નર્સ, ફીઝીયોથેરાપીસ્ટ, ડાયેટીશિયન, પેશન્ટ કેર અટેન્ડન્સ, હાઉસ કીપિંગ સ્ટાફ, તેમજ સિક્યુરીટી વગેરે તો હોય જ છે પણ છતા એ ડૉ ભરતભાઈ હોસ્પિટલમાં દાખલ દરેક દર્દીનું વ્યક્તિગત ધ્યાન રાખે છે.

### સાંધા પ્રત્યારોપ સાથે...

...આર્થોસ્કોપી અને અન્ય હાડકાને લગતા રોગોની સારવારના નિષ્ણાત ડૉ મોદી તેમના દરેક દર્દીનું ઓપરેશન પોતે જ કરે છે. તેઓ કહે છે :

> 'સમાજમાં મારી ઓળખ હાડકાને લગતા રોગોના નિષ્ણાત તરીકેની છે, વધુ પૈસા કમાયેલા ડોક્ટર તરીકેની નથી, અને હું આ જાળવી રાખવા માંગુ છું. પહેલાથી મને સર્જરી કરવી ગમે છે. મારી સાથે શિખવા અને નોકરી કરવા ઓર્થોપિડિક સર્જન હોય છે ખરા, પણ મારા દર્દીઓની સર્જરી હું જ કરુ છુ'



Wercare Today Oct 2017.indd 4 26-Sep-17 4:50:36 PM

# કાછીયા પટેલ સમાજ દ્વારા યોજાયેલ સ્વાસ્થ્ય માર્ગદર્શન અને નિઃશુલ્ક તપાસ

## સમાજના કાર્યકર્તાઓની કડી મહેનત, ડૉ ભરત મોદી અને ડૉ આશિષ છત્રાવલાએ આપેલ વિનામુલ્ય સેવા











તા. ૯ સપ્ટેમ્બર ૨૦૧૭, શનિવારના રોજ વેલકેર હોસ્પિટલ દ્વારા સમસ્ત કાછીયા પટેલ સમાજ વડોદરા ના સભ્યો માટે નિશુલ્ક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં હાડકાને લગતા રોગો વિશે માર્ગદર્શન, બી.એમ.ડી ચેકઅપ, ફેફસાને લગતા રોગો વિશે તેમજ અન્ય જનરલ મેડીસીન ને લગતા રોગો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૩૦૦થી વધુ સભ્યોએ લાભ લીધો હતો. આ પ્રસંગે કાછીયા પટેલ સમાજ વડોદરાના પ્રમુખશ્રી શામળભાઈ પટેલ અને ઉપપ્રમુખશ્રી મધુસુદનભાઈ પટેલ દ્વારા ડો. મોદી સાહેબનું સાલ ઓઢાડી ને સન્માન કરવામાં આવ્યું હતું.

આ શુભ પ્રસંગે કોર્પોરેટર ગીતાબેન પટેલ, માજી કોર્પોરેટરશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કાછીયા પટેલ મંત્રીશ્રી બિપીન શેઠ, સહમંત્રીશ્રી મહેશભાઈ પટેલ તેમજ અન્ય મહાનુભાવો અને સમાજના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# Dr Bharat Mody invited at a Motivational Seminar

## 'Igniting the Inner Spark' was the theme, Dr Mody was invited to be a part of that...

A motivational retreat titled "Igniting the Inner Spark" for youth was organised by Youth Wing : Brahma Kumaris at Vadodara, Around 750 members participated and took inspiration for leading an exemplary life from thought leaders and persons who had created their own paths in their lives.





*Centre Head Aruna Didi of Brahmakumari Atladra, Vadodara, felicitating Dr Bharat Mody*





Wercare Today Oct 2017.indd 5 26-Sep-17 4:50:51 PM

# દમની બીમારી અસ્થમા : ખોટી માન્યતાઓ અને સત્ય હકીકત ભાગ - ૨

ફેફ્સા રોગ નિષ્ણાત ડૉ આશિષ છત્રાવલા અસ્થમા વિશેના લેખના બીજા ભાગમાં અસ્થમાની વધું માહિતી આપે છે.

**ખોટી માન્યતા - ૬**

અસ્થમા કાયમ માટે મટી શકે છે.

**હકીકતઅસ્**

નિયમિત સારવારથી અસ્થમાને પૂર્ણ રૂપે નિયંત્રિત કરવું શક્ય છે. પણ ઘણા સમયસુધી તમને અસ્થમાથી કોઈ તકલીફ ના થાય તો એનો અર્થ એ નથી



કે અસ્થમા કાયમ માટે મટી ગયો છે.

**ખોટી માન્યતા - ૭**

જો તમને અસ્થમા હોય તો તમે સામાન્ય જીવન જીવી શકતાં નથી.

**હકીકત**

અસ્થમા હોવા છતાંએ તમે સક્રિય અને સ્વસ્થ જીવન જીવી શકો છો. હા, તમારા ડૉક્ટરે જણાવ્યાં મુજબ શ્વાસ વાટે લેવાતી દવાઓ નિયમિત લેવી પડશે. સાથે તમારે તમારા ટ્રિગર્સથી (જે કારણોથી શ્વાસ ચડે છે તેને ટ્રીગર્સ કહેવાય છે) બચીને રહેવું પડશે.

## અસ્થમા

અસ્થમા બધી ઉંમરમા થઈ શકે છે. આ બીમારી ખૂબ તકલીફ વાળી છે અને ક્યારેક ઘાતક નિવડી શકે છે. પણ યોગ્ય ઉપચારથી મોટાભાગના દર્દી અસ્થમા હોવાં છતા સામાન્ય લોકો જેવી જિંદગી વિતાવી શકે છે. અસ્થમાથી થતા મોટાભાગના મૃત્યુ સારી સારસંભાળથી ટાળી શકાય છે.

**ખોટી માન્યતા - ૮**

અસ્થમાના કારણે કસરત તેમજ ખેલકૂદમાં ભાગ લઈ શકાતો નથી.

**હકીકત**

નિયમિત દવા લઈને અસ્થમાના દર્દી કસરત કરી શકે અને ખેલકૂદમાં પણ સહભાગી થઈ શકે છે. અસ્થમાના દર્દીઓમાટે શ્રેષ્ઠ વ્યાયામ છે યોગ, સ્વિમિંગ અને સ્પ્રિંટિંગ (થોડા અંતરમાટે ખૂબ ઝડપથી દોડવું).

**ખોટી માન્યતા - ૯**

અસ્થમા ચેપી રોગ છે.

**હકીકત**

અસ્થમા ચેપી રોગ નથી.

**ખોટી માન્યતા - ૧૦**

સગર્ભા સ્ત્રીઓએ અસ્થમાની સારવાર માટેના ઈન્હેલર્સ ન લેવા જોઈએ.

**હકીકત**

સગર્ભા સ્ત્રીઓએ અસ્થમા ઈન્હેલરનો નિયમિત ઉપયોગ કરવો જોઈએ જેથી તેમનું બાળક સ્વસ્થ જન્મે. સ્તનપાન કરાવતી માતા પણ બાળકને કોઈ હાનિ પહોંચાડ્યા વિના ઈન્હેલર લઈ શકે છે.

**ખોટી માન્યતા - ૧૧**

નાનાથી મોટા થાવ ત્યારે અસ્થમા કાયમ માટે મટી જાય છે.

**હકીકત**

અસ્થમા એ જીવનભર રહેનારી બીમારી છે. બાળપણના અસ્થમાની તકલીફ સમય જતાં વધારે થઈ શકે છે અથવા તેમાં સુધારો થઈ શકે છે. પણ અસ્થમા કાયમ માટે મટી જતો નથી. મોટાભાગના અસ્થમાના દર્દીઓને અસ્થમાની તકલીફ જીવનભર રહે છે.

**ખોટી માન્યતા - ૧૨**

અસ્થમાથી મૃત્યુ થઈ શકતું નથી.

**હકીકત**

દુર્ભાગ્યે આ માન્યતા સાચી નથી. અસ્થમાથી મૃત્યુ થઈ શકે છે. વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝેશન (WHO) ના અપડેટ મુજબ અસ્થમાને કારણે વિશ્વભરમાં લગભગ ૨,૫૦,૦૦૦ લોકો દર વર્ષે મૃત્યુ પામે છે.



ડૉ આશિષ છત્રાવલા
એપોઇન્ટમેન્ટ ૦૨૬૫ - ૨૩૩૧૧૭૨

### અસ્થમા હોવા છતા ખેલકૂદમાં ૯ મેડલ - જેકી જોઇનર કર્સી

યુ.એસ.એ. ની આ ટ્રેક એન્ડ ફિલ્ડ ખેલાડીએ કુલ સાત ઓલિમ્પિક મેડલ મેળવ્યા. તેમાથી ત્રણ ગોલ્ડ મેડલ હતા. જેકી યુનિવર્સિટીમાં ભણતી હતી ત્યારે તેને સ્પોર્ટસ્ સ્કોલરશીપ હતી. અસ્થમાના કારણે સ્કોલરશીપ બંધ થઈ જશે તે બીકથી જેકી પ્રેક્ટિસપછી બાથરુમમાં સંતાઈ જતી હતી.

પણ અસ્થમાની દવા નિયમિત લેવા લાગી ત્યારથી તેની તકલીફ પણ ઓછી થઈ અને તેનો દોડમા પરફોર્મન્સ પણ સુધર્યો. ૧૯૮૪ થી ૧૯૯૬ સુધી દરેક ઓલિમ્પિક તેમજ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં તેને મેડલ મેળવ્યા હતા. 'વિશ્વની સર્વોચ્ચ એથલીટ' એવે ખિતાબ તેને બક્ષવામાં આવ્યો હતો.



Wercare Today Oct 2017.indd 6 26-Sep-17 4:50:54 PM



Dr Arpit Panchal
MBBS, MS
General Surgery

# Doctors Joining

**Welcare Hospital has a large team of visiting and full time Medical and Surgical Specialists. We present the list of doctors available in Welcare Hospital in this column**



Dr Darshan Shah
MBBS , MS, DNB
Urology

# Skin flap surgery to replace necrotic skin after TKR

**Thin skinned persons may suffer dead skin [necrosis] over their TKR wound. Dr Sachin Shah cured it...**

Mountaineers are well aware that the real challenge in mountain climbing is not reaching the base camp, it is in the final climb to the summit! This is true in all activities of life, and even more so in the world of surgery.



*Even after successful knee replacement Mr Patel's thin skin led to necrosis. The open part would have resulted in infection. It had to be covered.*

> Performing surgical procedures is like reaching the base camp which every hospital does routinely. The difference between a good hospital and a great hospital comes to fore when a patient has out of the ordinary complicating factors and yet is successfully treated.

A good example of this was Mr Patel [name changed] who underwent total knee replacement surgery successfully. But his skin over the knee cap was very thin. As a result, he suffered spontaneous necrosis (death of tissue) of the skin over the knee.

## Skin Grafting

When skin is lost in cases of burns injuries or severe trauma or necrosis; after the primary wound has healed, the bare portion of skin is replaced by thin slices of skin taken from other parts of the body like the thighs or hips. Such skin grafts work well where there is adequate muscle and connective tissue below the graft area. If the graft is done over bone, it never succeeds because the bones do not supply enough blood to keep the new skin graft alive. Covering skin lost over bones requires a different technique.

## 'Flap Surgery'

Our skin protects our tissue from infection. Lack of skin over a freshly operated knee joint as had happened in the case of Mr Patel would have resulted in infection of the joint, a very serious condition. Covering the lost skin was imperative.

Welcare plastic surgeon Dr Sachin Shah skillfully operated on Mr Patel. Skin was cut from adjoining areas of the knee cap and sewn so that the wound was covered. The successive pictures tell the story of the flap surgery was done perfectly. The key to success is team work and high level of surgical skills, the Welcare benchmark.



Dr Sachin Shah
M Ch
[Plastic & Cosmetic Surgery]
Appointments
0265 - 2337172





*Left: Dr Sachin planned his procedure by drawing lines around the necrosed part. Then he pulled flaps of adjoining skin and covered the area bereft of skin [right]. After the wound heals, Mr Patel will have skin over his knee as before.*



Wercare Today Oct 2017.indd 7 26-Sep-17 4:50:59 PM

# વેલકેર હોસ્પિટલ ઘોષણા કરી રહ્યું છે કે

## દર મહિનાના ઘોષીત શનિવારને સ્વાસ્થ્ય અધિકાર દિવસ તરીકે ઉજવાશે

**Welcare Hospital**

we care

વિનામુલ્યે સેવાઓ: હાડકા અને સાંધાના રોગોનું ચેકઅપ, એક્સ-રે તપાસ અને જનરલ મેડિસીન રોગોની તપાસ. વહેલા તે પહેલા ધોરણે રજીસ્ટ્રેશન. એપોઇન્ટમેન્ટ વગર વિનામુલ્યે તપાશ થઈ શકશે નહી. ફોન -૦૨૬૫ ૨૩૩૭૧૭૨ સરનામું : વેલકેર હોસ્પિટલ, અટલાદરા વડસર રોડ, વડોદરા.

આગળના સ્વાસ્થ્ય અધિકાર દિવસો

| | |
|---|---|
| **૧૪ ઓક્ટોબર ૨૦૧૭** | **૪ નોવેમ્બર ૨૦૧૭** |

## વેલકેર માં દર બુધવારે ફિઝિશિયન દ્વારા નિઃશુલ્ક તપાસ

**ડૉ આશિષ છત્રાવલા** MD [Pulm. Medicine] IDCCM - Critical Care Medicine



- અસ્થમા
- હાઈ બીપી
- ડાયાબિટીસ
- એસિડિટી, એડકી
- લાંબા સમયની ખાંસી

### કયા દર્દી ઓ કેમ્પમાં કન્સલટેશન લઈ શકે છે...

- કમળો, લીવર, પીતની બીમારી
- જુની હઠીલી બીમારીઓ હોય તેવા
- લાંબા સમયથી ન મટતો તાવ - મલેરિયા, ડેન્ગી
- ફેફસાની બીમારીઓ જેમ કે ટીબી, છાતીમાં પાણી
- એપોઈન્ટમેન્ટ લઈનેજ આવવું.

## વેલકેર હોસ્પિટલમાં સારવરના અંદાજીત ખર્ચની માહિતી

**નીચેના કોષ્ટકમાં જુદી જુદી સારવારના ઉદાહરણરૂપે ના ભાવ દર્શાવ્યા છે.**

| | |
|---|---|
| **હાડકાના ફ્રેક્ચર** | |
| નાના ફ્રેક્ચર | ૧૫,૦૦૦થી શરુ |
| મોટા ફ્રેક્ચર | ૬૦,૦૦૦થી શરુ |
| **સાંધા પ્રત્યારોપણ** | |
| ટી.કે.આર (ધૂંટણ પ્રત્યારોપણ) | ૧,૨૫,૦૦૦થી શરુ |
| ટી.એચ.અર (થાપા પ્રત્યારોપણ) | ૧,૦૦,૦૦૦થી શરુ |
| **આર્થ્રોસ્કોપી** | ૪૦,૦૦૦થી શરુ |
| **સ્પાઈન સર્જરી** | ૬૦,૦૦૦થી શરુ |

| | |
|---|---|
| **પ્લાસ્ટીક સર્જરી** | ૨૫,૦૦૦થી શરુ |
| **લેપ્રોસ્કોપિક સર્જરી** | ૬૦,૦૦૦થી શરુ |
| **જનરલ સર્જરી** | |
| પ્રોસ્ટેટ | ૪૫,૦૦૦થી શરુ |
| સારણગાંઠ, ભગંદર વિગેરે | ૪૫,૦૦૦થી શરુ |
| **જનરલ મેડીસીન** | |
| જૂની ખાંસી, લાંબા સમયનો તાવ, ફેફસાને લગતા રોગો, અસ્થમા | ૩૦૦૦થી શરુ |

રજીસ્ટ્રેશન આવશ્યક. ફોન - ૦૨૬૫ - ૨૩૩૭૧૭૨ (સવારે ૯ થી ૧૨)

# Book Post

To

**If undeliverable, please return to**
The Editor, Welcare Today
**Welcare Hospital**
Atladara-Vadsar Ring Road, Atladara,
Vadodara-390012 [Gujarat]
- 0265 2337172
www.welcarehospital.co.in

Edited, Printed & Published by Dr Harshida B Mody
Welcare Hospital, Atladara-Vadsar Ring Road, Atladara, Vadodara-390012 [Gujarat] - 0265 2337172
Printed at Print Vision Pvt Ltd, Print Vision House, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad-380006